# કીમતી ધાતુઓના સંગ્રહનું નવું સરનામું સિંગાપોર



દુનિયામાં યુદ્ધની સંભાવના વધી રહી છે તેમ સોના-ચાંદીની માંગ પણ વધી રહી છે. જ્યારે જ્યારે વિશ્વમાં દહેશત અને અફરાતફરીનો માહોલ ઊભો થાય છે ત્યારે સમજદાર અને શાણા લોકો પેપર કરન્સીને પડતી મૂકીને કીમતી ધાતુઓ તરફ દોટ મૂકે છે, કારણ કે તેઓ ફુગાવા સામે સંરક્ષણ આપે છે. તાજેતરમાં પહેલીવાર સોનાના ભાવ પ્રતિ ટ્રોય ઔંસના ૪,૭૦૦ ડોલરને વટાવી ગયા છે. ચાંદી પણ ૯૫ ડોલર પ્રતિ ટ્રોય ઔંસના ઐતિહાસિક શિખર પર પહોંચી ગઈ છે. છેલ્લાં એક વર્ષમાં ચાંદીમાં ૨૦૦ ટકાથી વધુ અને સોનામાં ૬૦ ટકાથી વધુ વળતર મળ્યું છે. શ્રીમંત લોકો સોનું અને ચાંદી ખરીદ્યા પછી વિચાર કરી રહ્યા છે કે તેઓ પોતાનો ખજાનો ક્યાં સલામત રાખી શકે તેમ છે. લંડન અને જીનીવા જેવાં શહેરોમાં ભૂગર્ભ વોલ્ટ બનેલા છે, જેમાં અબજો ડોલરની કીમતી ધાતુઓનો સંગ્રહ કરવામાં આવે છે પણ હવે યુરોપમાં યુદ્ધનો ખતરો વધી રહ્યો છે. આ કારણે દુનિયાના ધનિકો અને બુલિયન બેન્કો પોતાની નજર પૂર્વ તરફ દોડાવી રહી છે. આ માહોલમાં સિંગાપોર કીમતી ધાતુઓના સંગ્રહ માટેનાં સલામત કેન્દ્ર તરીકે ઊભરી રહ્યું છે. તાજેતરમાં અમેરિકાની સૌથી મોટી બુલિયન બેન્ક જે.પી. મોર્ગને પોતાનું હજારો ટન સોનું અને ચાંદી સિંગાપોરના ખાનગી વોલ્ટમાં ખસેડ્યા ત્યારે આપણને ખ્યાલ આવ્યો કે દુનિયાના ધનિકોની નજર હવે પરંપરાગત તિજોરીઓથી દૂર સિંગાપોર જેવાં નવા કેન્દ્રો તરફ છે. સિંગાપોરના વોલ્ટની ગણતરી વિશ્વની કેટલીક સૌથી સુરક્ષિત ખાનગી તિજોરીઓમાં થાય છે. આ વોલ્ટ બહારથી ફક્ત એક વેરહાઉસ જેવું દેખાઈ શકે છે, પરંતુ તે એક સુપર સોફિસ્ટિકેટેડ અને અત્યંત સુરક્ષિત સંગ્રહ સુવિધા છે. સિંગાપોરના ખરેખર વિશ્વમાં કોઈ દુશ્મનો નથી, તેથી તે તેને કીમતી ધાતુઓના સંગ્રહ માટે ખૂબ જ સુરક્ષિત સ્થાન બનાવે છે.

**ટાઈમ લાઈન**
**-સંજય વોરા**

ઘણા શ્રીમંત ગ્રાહકો માટે મનની શાંતિ નફા જેટલી જ મહત્ત્વપૂર્ણ છે. ભૂ-રાજકીય અશાંતિ અને વૈશ્વિક આર્થિક અનિશ્ચિતતા એક કારણ છે કે ઘણા લોકો પૂર્વ તરફ જોવાનું પસંદ કરી રહ્યા છે. સિંગાપોર એક શ્રીમંત દેશ છે. ભવિષ્યમાં તેમને સોનાનું રાષ્ટ્રીયકરણ કરવા માટે કોઈ પ્રોત્સાહન દેખાતું નથી, જ્યારે અમેરિકા ભૂતકાળમાં તેના નાગરિકોનું સોનું જપ્ત કરી ચૂક્યું છે અને ડોનાલ્ડ ટ્રમ્પ આજે પણ અમેરિકાના અર્થતંત્રને બચાવવા તેનું પુનરાવર્તન કરી શકે છે. સિંગાપોર ગ્રાહકો સાથે વિશ્વાસ બનાવીને તેની સંપત્તિ બનાવે છે. તેથી, સિંગાપોર માટે કોઈ વસ્તુનું રાષ્ટ્રીયકરણ કરવું એ આર્થિક આત્મહત્યા હશે. અને ત્રીજું, સિંગાપોર ખૂબ જ સારી રીતે સુરક્ષિત છે. આ ત્રણ પરિબળોના સંયોજનનો અર્થ એ છે કે સિંગાપોર સંપત્તિ સંગ્રહિત કરવા માટેનું એક આદર્શ સ્થાન છે.

ગ્રેગરસેને સોના અને ચાંદી જેવી અન્ય કિંમતી ધાતુઓનો સંગ્રહ કરવા માટે ઉચ્ચ કક્ષાની સુવિધાઓની વધતી માંગને પહોંચી વળવા માટે ધ રિઝર્વની સ્થાપના કરી છે. આ તિજોરી ૨૦૨૪ માં પૂર્ણ થઈ હતી અને તે સિંગાપોરના ચાંગી એરપોર્ટ નજીક સ્થિત છે. તેમાં એક ઊંચી ચેમ્બર સામેલ છે, જે લગભગ ૧૬ અબજ ડોલરની કિંમતની ૧૦,૦૦૦ ટન ચાંદીનો સંગ્રહ કરી શકે છે. આ વોલ્ટનો મહત્ત્વપૂર્ણ ભાગ તેનો પાયો છે, જે આ પ્રકારના વજનને વિતરિત કરવા માટે જમીનમાં ૩૨ મીટર નીચે નાખવામાં આવ્યો છે. ૯૦ કિલો ન્યૂટનફ્લોર લોડિંગનો અર્થ એ છે કે તે કાર પાર્ક કરતાં લગભગ ૪૫ ગણો મજબૂત છે. કિંમતી ધાતુઓની વધતી માંગના પ્રતિભાવ તરીકે, ઓક્ટોબરમાં સોના અને ચાંદીના ભાવ રેકોર્ડ ઊંચાઈએ પહોંચ્યા છે. ચાંદી ૯૫ ડોલર પ્રતિ ટ્રોય ઔંસને વટાવી ગઈ હતી અને સોના ૪૭૦૦ ડોલર પ્રતિ ટ્રોય ઔંસને વટાવી ગયું હતું. સોનું કદમાં ઘણું નાનું છે અને ચાંદી કરતાં વધુ મૂલ્યવાન છે, માટે તેને ઉચ્ચ સ્તરની સુરક્ષાની જરૂર છે. પરંપરાગત રીતે સિંગાપોરના ગ્રાહકો યુરોપ, અમેરિકા અને ઓસ્ટ્રેલિયાથી આવતા લોકો છે. તેમાંના ઘણા ઉદ્યોગસાહસિકો હોય છે, જે લોકો પોતાની કંપનીઓ બનાવે છે અને પોતાના સંપત્તિ વ્યવસ્થાપનનો હવાલો સંભાળે છે.

**શ્રીમંત લોકો સોનું અને ચાંદી ખરીદ્યા પછી વિચાર કરી રહ્યા છે કે તેઓ પોતાનો ખજાનો ક્યાં સલામત રાખી શકે તેમ છે. લંડન અને જીનીવા જેવાં શહેરોમાં ભૂગર્ભ વોલ્ટ બનેલા છે, પણ આ માહોલમાં સિંગાપોર કીમતી ધાતુઓના સંગ્રહ માટેનાં સલામત કેન્દ્ર તરીકે ઊભરી રહ્યું છે**

ધ રિઝર્વ જેવા વોલ્ટ ઓશન્સ ૧૧ અથવા ધ ઈટાલિયન જોબ જેવી ફિલ્મોને પ્રેરિત કરી શકે છે, પણ તેની વાસ્તવિક સુરક્ષા હોલિવૂડની ફિલ્મ જેવી ઓછી જણાય છે. તેમાં વીમા કંપનીઓ જે જોવા માંગે છે તે UL ક્લાસ ૨ ગોલ્ડ વોલ્ટ સ્ટાન્ડર્ડ છે, જે એવી રીતે વ્યાખ્યાયિત કરવામાં આવે છે કે તે કોઈને એક કલાક માટે બહાર રાખશે. વોલ્ટ સુરક્ષાના સંદર્ભમાં તે નિયમ મહત્ત્વપૂર્ણ છે, કારણ કે તમારી પાસે વિલંબનું તત્વ છે. ધ રિઝર્વમાં લગભગ ૬૪ અબજ ડોલરનું ૫૦૦ ટન સોનું સંગ્રહ કરવાની ક્ષમતા છે. તે લગભગ ૪૦,૦૦૦ ડિલિવરી કરી શકાય તેવા બારના સ્વરૂપમાં હોય છે. મુખ્ય વેપારીઓ અને કેન્દ્રીય બેંકો સોનાનો વ્યવહાર કરતી વખતે આ બારનો ઉપયોગ કરે છે. તે દરેકનું વજન લગભગ ૪૦૦ ટ્રોય ઔંસ હોય છે અને તેની કિંમત લગભગ ૧૬ લાખ ડોલર હોય છે. રોકાણકારો માટે તેને નાના બારમાં વિભાજીત કરવું સામાન્ય છે, જેનું વજન લગભગ ૩૨ ટ્રોય ઔંસ છે અને દરેક બારની કિંમત લગભગ ૧,૨૮,૦૦૦ ડોલર છે. ડોનાલ્ડ ટ્રમ્પ જેવી તરંગી સરકારોમાં અવિશ્વાસ પણ રોકાણકારોને તેમની સંપત્તિ વિદેશમાં સંગ્રહ કરવા માટે પ્રેરિત કરી રહ્યો છે.

ધ રિઝર્વમાં વધુ ને વધુ અમેરિકન ગ્રાહકો જોડાઈ રહ્યા છે. કોઈક સમયે, યુએસ ડોલર પરનો વિશ્વાસ ડગમગી શકે છે. ત્યારે તેમણે એવી વસ્તુ શોધવી પડશે જેના પર લોકો વિશ્વાસ કરી શકે અને તે વસ્તુ પરંપરાગત રીતે સોનું છે. ઘણા ગ્રાહકો કહી રહ્યા છે કે કદાચ હું મારું બધું સોનું અમેરિકામાં ન રાખું. ઘણા રોકાણકારો કાઉન્ટર પાર્ટી જોખમ ટાળવા માટે ઈટીએફ અથવા ફ્યુચર્સ કરતાં ભૌતિક સોનું પસંદ કરે છે.

કોઈ બેંક અથવા ફર્મ તેમના રોકાણનું સંચાલન કરી રહી છે તે ડિફોલ્ટ થઈ શકે છે. તે મિત્રને પૈસા ઊછીના આપવા જેવું છે અને તમે વિશ્વાસ કરી રહ્યા છો કે તેઓ તમને પાછા ચૂકવશે. જેમ ૨૦૦૮ ની નાણાંકીય કટોકટીએ બતાવ્યું તેમ બેંકો જેવી વિશ્વસનીય સંસ્થાઓ પણ વચન પાળવામાં નિષ્ફળ જઈ શકે છે. સિંગાપોરની સ્થિરતા ૨૦૦૮ ની અરાજકતાથી લાખો માઈલ દૂર લાગે છે.•

## ગુજરાતી વિશ્વકોશ
# ચાર દાયકાથી અવિરત ચાલતી જ્ઞાનયાત્રા

ગુજરાતી વિશ્વકોશ ટ્રસ્ટે બીજી ડિસેમ્બર ૧૯૮૫ના રોજ ગુજરાતી ભાષામાં વિશ્વનું જ્ઞાન આપવાનો જ્ઞાનયજ્ઞ શરૂ કર્યો હતો. એક નજર એના ચાર દાયકાના ઈતિહાસ પર.

૧૯૬૦માં ગુજરાત બૃહદ મુંબઈથી અલગ થઈને સ્વતંત્ર રાજ્ય બન્યું અને ગુજરાતી ભાષા શિક્ષણનાં માધ્યમ તરીકે સ્વીકારવામાં આવી. આ સમયે દેશના અનેક રાજ્યોમાં પ્રાદેશિક ભાષાઓમાં વિશ્વકોશના સર્જનની પ્રવૃત્તિઓ જોરશોરથી ચાલી રહી હતી. ઊડિયા, બંગાળી, મરાઠી, તેલુગુ, હિન્દી ભાષામાં વિશ્વકોશ લગભગ તૈયાર થઈ ચૂક્યા હતા. આ પરિસ્થિતિમાં પોતાની માતૃભાષામાં વિશ્વકોશ નથી તેવા દુ:ખથી વ્યથિત હરિ ૐ આશ્રમનાં ઓલિયા સંત પૂજ્ય શ્રી મોટાએ એક આગવી પહેલ કરી. તેમણે ૧૯૭૫માં ગુજરાત યુનિવર્સિટીને ગુજરાતી ભાષામાં જ્ઞાનકોશ શરૂ કરવા માટે દશ લાખ રૂપિયાનું દાન આપ્યું. આ દાનમાંથી યુનિવર્સિટીએ ડો. ધીરુભાઈ ઠાકરની રાહબરી હેઠળ જ્ઞાનકોશનું કાર્ય શરૂ તો કર્યું, પરંતુ થોડા સમયમાં સરકાર બદલાઈ જવાથી અને અનુદાનો રદ થવાથી યોજના પડી ભાંગી.

૧૯૮૫માં આ યોજના સાથે વિસનગરના કર્મયોગી અને સ્વતંત્રય સેનાની એવા શ્રી સાંકળચંદભાઈ પટેલ જોડાયા. તેઓ ગુજરાતી ભાષામાં વિશ્વકોશની જરૂરિયાતને જાણનારા દીર્ઘદષ્ટા માણસ હતા. પ્રારંભિક તબક્કે ૧૩ લાખ રૂપિયા આપી ડૉ. ધીરુભાઈ ઠાકરને આ પ્રકલ્પ ઉપાડવા આહ્‌વાન કર્યું.

૬૮ વરસના ડૉ. ધીરુભાઈ અનુભવી અને કર્તવ્યનિષ્ટ વિદ્યાપુરુષ હતા. આ પ્રકલ્પ માટે તેમણે પહેલી પસંદગી ડો. કુમારપાળ દેસાઈની કરી. બંનેના સમન્વયથી ટ્રસ્ટ રચાયુ અને મહાજન પરંપરાના અગ્રણી શ્રી શ્રેણિકભાઈ કસ્તૂરભાઈ ટ્રસ્ટના પ્રમુખ બન્યા. બીજી ડિસેમ્બર ૧૯૮૫ના રોજ ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટની સ્થાપના થઈ. વિદ્યા અને જ્ઞાનના પુસ્તકો ગુજરાતીઓ વાંચતા નથી તેવા મહેણાં અને આર્થિક સંકડામણ વચ્ચે આ પ્રકલ્પને સાકાર કરવા માટે અમદાવાદ એજ્યુકેશન સોસાયટીના સદ્‌ભાવથી એચ.એલ. કોમર્સ કોલેજની હોસ્ટેલનું ભોજનગૃહ મળતા ત્યાં ટ્રસ્ટનું કાર્યાલય શરૂ કરી કોશની કામગીરી આરંભી. ડો. ધીરુભાઈએ ૬૭ વરસની ઉંમરે આ કામગીરી આરંભી ત્યારે તેમના મનમાં 'મારે મારા ગુજરાતને વિશ્વકોશ આપવો છે' નું રટન પોતાની જીંદગીના ૯૪મા વરસ લગી કરતા રહી તે કરી બતાવ્યું.



સામાન્ય રીતે સાહિત્ય ભાષાની સંસ્થાઓમાં સંચાલકોએ દાન માટે રકમ નાંખવી પડે છે. પરંતુ અહીં દાતાઓ સામેથી સહયોગ આપવા તત્પર હોય, તેવી ઘટના બની. ત્યાં વ્યાખ્યાન સાંભળવા આવનાર શ્રોતાઓ તેમના વિલમાં 'મારા મૃત્યુ બાદ અમુક રકમ વિશ્વકોશ ટ્રસ્ટને આપવી' લખી જતા. તેમનો પરિવાર સહર્ષ તે રકમ આપી જાય છે. કોઈ સ્વખર્ચે વિશ્વકોશના ગ્રંથો વિવિધ શૈક્ષણિક સંસ્થાઓમાં પહોંચાડે છે. વિદ્વાનો પુરસ્કાર વિના સેવા આપે છે. સમાજના અનેક ક્ષેત્રોના લોકોનો અમૂલ્ય સહયોગ મળ્યો છે એનાથી વિશેષ આ પ્રકલ્પની સિધ્ધિ બીજી કંઈ હોય શકે? નિઃસ્વાર્થ અને લોકહિત કરતી સંસ્થાને પડખે સરકારશ્રી ઉભા રહી પુસ્તક પ્રકાશન ખર્ચમાં સહાય આપી તેમજ અમદાવાદ ઉસ્માનપુરા ખાતે વિશાળ ભવનનું નિર્માણ થઈ શકે તેટલી ૨૭૨૬ ચો.મી. જમીન વિનામૂલ્યે ફાળવી, જેના પર આજે ગુજરાતની અસ્મિતાના પ્રતીક સમું ભવ્ય ભવન ૨૦૦૫માં નિર્માણ પામ્યું છે. જેમા હીરાલાલ ભગવતી સભાગૃહ, શેઠ હઠીસિંહ કેસરીસિંહ સભાગૃહ વિદ્યાબેન દીપચંદ ગારડી ગ્રંથાલય, શ્રી સી.કે. મહેતા અને કાન્તાબેન મહેતા અનાહતનાદ ખંડ, પૂજ્ય શ્રી મોટા સંશોધન કેન્દ્ર, શ્રી ધન્ય ગુર્જરી સંશોધન કેન્દ્ર, લલિતકલા કેન્દ્ર અને આર્ટ ગેલરી, ડાયસ્પોરા ગુજરાતી સાહિત્ય શોધન કેન્દ્ર જેવા આગવા પ્રવૃત્તિ કેન્દ્રો શરૂ થયા અને ગુજરાતી વિશ્વકોશનું સર્જન કરતી સંસ્થા ગુજરાતની અસ્મિતાનું કેન્દ્ર બની રહી. સમય સાથે કદમ મિલાવતા ટ્રસ્ટે ૨૦૧૮માં વિશ્વકોશની સઘળી સામગ્રી ઓનલાઈન મૂકવાનો પ્રારંભ કરતા ઈતિહાસ સર્જ્યો. ફળસ્વરૂપે આજે દર મહિને વિશ્વમાં સરેરાશ સાડા ત્રણ લાખ વ્યક્તિઓ ઓનલાઈન વિશ્વકોશનો ઉપયોગ કરી રહી છે. જેમાં ભારત, અમેરિકા, ફ્રાન્સ, ઈંગ્લેન્ડ, જર્મની અને જાપાન મુખ્ય છે.

માતૃભાષા પ્રેમી, ઉદ્યોગપતિ શ્રી રતિલાલ ચંદરયાએ આજથી ૨૫ વર્ષ પૂર્વે (૨૦૦૦માં) લેકિસકન દ્વારા ગુજરાતી ભાષામાં સર્વપ્રથમ ઓનલાઈન શબ્દકોશ આપવા પ્રયત્ન કર્યો હતો. જેમાં સાર્થ જોડણીકોશ વત્તા ભગવદ્‌ ગોમંડળ ભાગ-૧ થી ૯ સમાવેશ પામ્યા હતા. ગુજરાત વિશ્વકોશે ફક્ત લેટિકસન પ્રકલ્પને પોતાના નેજા હેઠળ જ લીધો નથી પરંતુ તેમાં દિવસે ને દિવસે નવા નવા શબ્દો, તેના અર્થ, કહેવતો વગેરેને ઉમેરતા સરવાળે ૪૫ લાખ શબ્દો ધરાવતો ગુજરાતી ભાષાનો સર્વપ્રથમ ઓનલાઈન વિશાળ શબ્દકોશ સુલભ થયો. જેની અત્યાર સુધીમાં ચાર કરોડ એંસી લાખથી વધુ લોકોએ મુલાકાત લીધી છે. જેમાં સૌથી વિશેષ તો ભારત, અમેરિકા, કેનેડા, નેધરલેન્ડ, યુ.કે., રશિયા, અમીરાત જેવા વિવિધ દેશોના લોકોનો સમાવેશ થાય છે. દર મહિને બે લાખથી વધુ લોકો આ શબ્દકોશનો ઉપયોગ કરે છે.

ગુજરાતી ભાષાના મૂર્ધન્ય સાહિત્યકાર શ્રી ચંદ્રકાન્ત શેઠના સંપાદન દ્વારા ૨૯૭૨ પૃષ્ઠ, ૨૩૫૦ લેખો, ૭૨૨ ચરિત્રો અને ૬૧૭૬ ચિત્રો ધરાવતો બાળ વિશ્વકોશ દશ ખંડમાં પ્રકાશિત થયો છે. જેના ત્રણ ખંડો બ્રેઈલ લિપિમાં રૂપાંતરિત થયા છે. આજે પ્રજ્ઞચક્ષુ વિદ્યાર્થીઓની સ્કૂલમાં રોજ એમાંથી એક બે અધિકરણોનું વાંચન કરવામાં આવે છે. ગુજરાતના ૪૨૧૨ સ્વાતંત્ર્ય સૈનિકોની માહિતી આપતો સ્વાતંત્ર્ય સૈનિક કોશ, વિશ્વકોશમાં પ્રયોજાયેલી પરિભાષાઓનો એક અલાયદો કોશ, ડો. શિલીન શુક્લ દ્વારા તબીબી વિજ્ઞાનની પરિભાષાઓનો બે ખંડમાં ૮૦૦ પૃષ્ઠોનો કોશ, ભરત દવે લિખિત બૃહદ નાટ્યકોશ બે ભાગમાં, વત્તા ૧૮૫૦થી આજ સુધીની ગુજરાત, ભારત અને વિશ્વની નારી પ્રતિભાષોનો ત્રણ ભાગમાં ગુજરાતી ભાષામાં સર્વપ્રથમ નારીકોશ પ્રકાશિત થઈ ચૂક્યા છે. સંતકોશ, ગ્રંથાલય, વિજ્ઞાન કોશ, કચ્છી બોલી કોશ વત્તા સંસ્કૃત ગુજરાતી શબ્દ કોશ, આદિવાસી બોલી કોશ તૈયાર થઈ રહ્યા છે. સાથોસાથ ગુજરાતી ભાષા સાહિત્યના ૩૬ પુસ્તકો ઓનલાઈન મૂક્યા છે. રવિવારે વિશ્વકોશની યૂટ્યૂબ ચેનલ પર આજનાં બાળકોને પસંદ પડે તેવું કથાવસ્તુ ધરાવતી વાર્તા રજૂ કરાય છે. ૨૦૦૯થી વિશ્વકોશનો નવા ભવનને આંગણે અન્ય કોશ પ્રવૃત્તિ હાથ ધરાઈ છે. વિવિધ ગ્રંથશ્રેણીઓ, વિવિધ વ્યાખ્યાનમાળાઓ તથા નાટક, સંગીત, ચિત્રકળા અને

**સામાન્ય રીતે સાહિત્ય ભાષાની સંસ્થાઓમાં સંચાલકોએ દાન માટે રકમ નાંખવી પડે છે. પરંતુ અહીં દાતાઓ સામેથી સહયોગ આપવા તત્પર હોય, તેવી ઘટના બની**

નૃત્ય પ્રસ્તુતિઓને ગુજરાતભરમાંથી શ્રોતા અને દર્શકો મળવા લાગ્યા. યોગ સ્વાસ્થ્યની શિબિરોમાં સંખ્યા ઉત્તરોત્તર વધી રહી છે. લેખન પ્રુફ રીડિંગ, બ્રાહ્મીલિપના વર્ગો, કેલિગ્રાફી, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ, રોબોટિક્સ, કવિતા શિક્ષણ વિ.ની કાર્ય શિબિરો, પુસ્તક પ્રદર્શનો, ચિત્ર, ચિબંધ, વાર્તા, એકાંકી, નાટક, કિશોર કથાઓ અને લઘુનવલના લેખનની સ્પર્ધાઓનું આયોજન થઈ રહ્યું છે. વળી કળા, સમાજ સેવા, સાહિત્ય ક્ષેત્ર આગવું પ્રદાન કરનાર

**- પ્રકાશ સી. શાહ**

મહાનુભવોને એવોર્ડ તથા પારિતોષિક એનાયત થાય છે.

'મહેનત અમારી ફળ તમારા' એ ન્યાયે સંસ્થા સ્થગિત ન થઈ જાય પણ સતત વહેતી રહે એ સંચાલકોની બેનમૂન નિષ્ઠા અને ખેવનાને લાખ લાખ સલામ. શ્રી ધીરુબહેન પટેલની પ્રેરણાથી 'વિશ્વા' પ્રકલ્પ શરૂ થયો તથા તે નામે સામયિક પણ શરૂ થયું. આ બધી જ પ્રવૃત્તિઓ અને વિશ્વકોશના જ્ઞાનવિષયક લેખોની જાણકારી આપતું સંસ્થાનું મુખપત્ર વિશ્વવિહાર છેલ્લા ત્રણ દાયકાથી નિયમિતપણે પ્રકાશિત થઈ રહ્યું છે. ભારત બહાર સંસ્થાની સુવાસ ગુર્જરી ડાયજેસ્ટ દ્વારા પ્રસરી રહી છે. સંસ્થા આખરે તો માનવોની ઊર્જાથી સંચરિત થાય છે. આવનારા દાયકાઓમાં વિશ્વકોશને આવા જ ઉત્તમ માનવો મળતા રહે એવી પ્રભુ પ્રાર્થના.•

## શબ્દ સાપ્તાહિકી

**- અરવિંદ એસ. મારૂ**



**આડી ચાવી**

૧. હંસગતિથી ચાલનાર (૫)
૪. એક પદાર્થ (૨)
૬. અશક્ય (૪)
૯. સુંદર સ્ત્રી (૩)
૧૦. બખતર, તાવીજ (૩)
૧૨. મીઠું (૪)
૧૪. અફઘાનિસ્તાનનું પાટનગર (૩)
૧૫. રમતીલું (૫)
૧૭. કાંજી, ઘેંશ (૨)
૧૮. મહિલા, સ્ત્રી (૨)
૧૯. વારેવારે યાદ કરવું (૩)
૨૦. સુવાસ પ્રસરવી તે (૫)
૨૨. અમિતાભની એક ફિલ્મ (૨)
૨૩. ધાતુ ખખડવાનો અવાજ(૩)
૨૬. એક વસાણું (૨)
૨૭. રેખા, લીટી (૩)
૨૯. હાથી (૨)
૩૦. નજર, યાદદાસ્ત (૩)
૩૧. આંખ (૩)
૩૪. ઇશ્વર કૃપા, સદ્‌ભાગ્ય (૪)
૩૬. પરમેશ્વર (૨)
૩૮. ત્રાંસુ, તીરછું (૪)
૪૦. અઘટિત વેણ (૩)
૪૧. પ્રતિજ્ઞા (૨)
૪૨. ભપકો, રોફ (૩)
૪૫. ખાવાની એક વાની (૨)
૪૬. કલબલાટભરી બોલીવાળું એકપક્ષી (૩)
૪૭. સલામતી બક્ષવી તે (૫)
૫૦. મારવું તે (૨)
૫૧. વાવટો,ધ્વજ (૨)
૫૨. ખૂબ હોવું તે (૪)
૫૪. ઉદાસ, ખિન્ન (૪)
૫૬. એક જાતનું કાપડ (૨)
૫૭. નવાઈભર્યુ (૩)
૫૯. બાદ કરેલું, નકામું (૨)
૬૦. અવાજ, ધ્વનિ (૨)
૬૨. મોટું (૨)
૬૩. મજબૂતાઈ (૩)
૬૬. આબરૂદાર, વજનવાળું (૫)
૬૭.ને બદલે કામ કરનાર (૪)
૬૮. લાગણી ઊભરાવાની સ્થિતિ (૪)
૭૦. પાણીનાં પ્રાણી (૪)
૭૧. એક આખો દિવસ (૩)

**ઊભી ચાવી**

૧. એક રઢિયાળું પ્રવાસી પંખી (૨)
૨. અલોપ(૩)
૩. રસ વગરનું (૩)
૪. સોનાચાંદી ઉપર રંગીન કારીગરી (૪)
૫. પગથિયાંવાળો કૂવો (૨)
૭. કબૂલાત (૩)
૮. કુંડાળું (૩)
૧૦. મધુર અવાજ (૪)
૧૧. પગની ધૂળ (૫)
૧૨. એક જાતની નૌકા (૫)
૧૩. મોટી સંખ્યામાં નાણું (૩)
૧૬. સિંહની ગરદન પરના વાળ (૩)
૧૮. નાટકિયું, ઢોંગી (૩)
૨૧. સાથે જમવા બે સનારની હાર(૨)
૨૪. હુન્નર, કામ, કળા (૩)
૨૫. વહેંચવુ એ, અર્પણ, દાન (૪)
૨૮. નસ, વલણ (૨)
૨૯. મશ્કરી, નવાઈનાં બનાવ (૪)
૩૨. અનાથ બાળક (૩)
૩૩. ચેતતો...સદા સુખી (૨)
૩૫. પાણી જવાનો રસ્તો (૨)
૩૬. અવાજ, ધ્વનિ (૪)
૩૭. ઉપાધિ, પદવી, દરજ્જો (૨)
૩૯. હાથીનું બચ્ચું (૩)
૪૧. પારકા પૈસા (૪)
૪૩. માહિતગાર, જાણકાર (૩)
૪૪. લડાઈનું એક હથિયાર (૨)
૪૭. અવાજ વિનાનું, શાન્ત (૩)
૪૮. સંન્યાસી (૨)
૪૯. રોકડું (૩)
૫૦. આદર (૨)
૫૨. બીક, ડર (૨)
૫૩. અપમાન (૪)
૫૫. ગાયન (૨)
૫૬. આયુષ્ય, જીવાદોરી (૫)
૫૮. થોડા વાળની સેર (૨)
૫૯. અવાજ (૨)
૬૦. ધૂળ (૨)
૬૧. દુ:ખ, પીડા (૩)
૬૨. બુદ્ધિ (૨)
૬૪. આડખીલી, નડતર (૩)
૬૫. ઔષધ (૨)
૬૬. આધીન, તાબે (૨)
૬૭. ધારો, રિવાજ (૨)
૬૮. દબાણ, વજન (૨)
૬૯. દુશ્મનાવટ (૨)

## શબ્દ સાપ્તાહિકી ઉકેલ



## કાકુરો



» અહીં ૮x૯ના ખાનાવાળા ચોરસ આપેલ છે.
» ચોરસના અમુક ખાનામાં ત્રિકોણમાં અંક દર્શાવ્યા છે.
» બાકીનાં ખાલી ખાનામાં ૧ થી ૯ નો અંક આવી રીતે લખવો જેનો સરવાળો ત્રિકોણમાં આપેલ અંક જેટલો થવો જોઇએ.
» કોઇ પણ અંકનો બીજી વખત ઉપયોગ કરવો નહિ (એક જ સંખ્યામાં)

→ આડી લાઇન
↓ ઊભી લાઇન

## કાકુરો- નો ઉકેલ

